# વાર્ષિક ૧ ૨ સિલિન્ડર કરવાની દરખાસ્ત મંજુર



નવી દિલ્હી,તા. ૩૦

કેન્દ્રિય કેબિનેટે સસ્તા સિલિન્ડરના ક્વોટાને વર્ષિક નવથી વધારીને પ્રતિ પરિવાર ૧૨ સિલિન્ડર કરવાની દરખાસ્તને આજે લીલીઝંડી આપી દીધી હતી. આની સાથે જ સામાન્ય લોકોને મોટી રાહત થઈ છે. કોંગ્રેસના ઉપ્રમુખ રાહુલ ગાંધીએ ઉંચી એલપીજી મર્યાદાની જોરદાર માંગણી છેલ્લા ઘણા સમયથી જારી રાખી રહી. આખરે રાહુલ ગાંધીની દરખાસ્તને માની લેવામાં આવી હતી. હવે સબસિડીવાળા ૧૨ સિલિન્ડરો મળી શકશે. કેન્દ્રિય કેબિનેટની બેઠક બાદ પેટ્રોલિયમ પ્રધાન વિરપ્પા મોઈલીએ કહ્યુ હતુકે રાજકીય મામલાઓની મંત્રી મંડળની સમીતીએ ફેબ્રુઆરીથી દર મહિને પ્રતિ પરિવાર સબસિડીવાળા એક સિલિન્ડર ગેસને લીલીઝંડી આપી દીધી છે. સબસિડીવાળા એલપીજી સિલિન્ડરના ક્વોટામાં વધારો કરવાથી પાંચ હજાર કરોડ રૂપિયાની વધારાની સબસિડીનો બોજ પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે એઆઈસીસીની બેઠકમાં કોગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ વડાપ્રધાન સમક્ષ એલપીજી સિલિન્ડરની સંખ્યા વધારીને ૧૨ કરવાની માંગ કરી હતી. ત્યારબાદથી એક બાબત નક્કી હતી કે સબસિડીવાળા સિલિન્ડરોની સંખ્યા વધારીને ૧૨ કરવામાં આવશે. રાહુલે વડાપ્રધાન સમક્ષ એ વખતે જોરદાર રજુઆત કરી હતી. કેન્દ્ર સરકારના જણાવ્યા મુજબ એલપીજી સિલિન્ડરોના આશરે ૧૫ કરોડ ગ્રાહક છે. આમાંથી ૯૦ ટકા મહત્તમ નવ સિલિન્ડરોનો ઉપયોગ કરે છે જ્યારે બાકી ૧૦ ટકાની જરૂરિયાત બજારમાંથી સિલિન્ડર ખરીદવાની હોય છે. સિલિન્ડરની સંખ્યા ૧૨ કરવાથી ૯૭ ટકા આની હદમાં આવી જશે. એક બાજુ ચૂંટણી વર્ષ અને બીજી બાજુ કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીની માંગને આખરે સ્વીકારી લેવામાં આવી હતી. પેટ્રોલિયમ પ્રધાન વિરપ્પા મોઈલીએ એ જ દિવસે કહ્યુ હતુ કે કેબિનેટ રાહુલ ગાંધીની માંગ પર વિચારણા કરશે. મોઈલીએ તરત કેબિનેટનોંધ મોકલીને રાહુલની ઈચ્છાને પૂર્ણ કરવાની પહેલ કરી હતી. સરકારના આ પગલાથી ફ્યુઅલ સબસિડી ૩૩૦૦ કરોડથી વધીને ૫૦૦૦ કરોડ થઈ જશે. હાલમાં એલપીજી પર વાર્ષિક ૪૬૦૦૦ કરોડ રૂપિયાની સબસિડી આપવામાં આવે છે.

## અમારી કામગીરીથી લોકો ખુશ : અરવિંદ કેજરીવાલ

નવી દિલ્હી,તા. ૩૦

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે પત્રકાર પરિષદ યોજીને દિલ્હી સરકારની એક મહિનાની કામગીરીના સંદર્ભમાં રિપોર્ટ કાર્ડ રજુ કરીને લોકોનું ધ્યાન ખેચવા પ્રયાસ કર્યો હતો. કેજરીવાલે પોતાની સરકારના એક મહિનાના ગાળામાં દિલ્હીમાં ભ્રષ્ટાચાર ઘડાટડવાનો દાવો કર્યો હતો સાથે સાથે શનિવારના દિવસે કેબિનેટમાં જનલોકપાલબિલ રજુ કરવાની ખાતરી પણ આપી હતી. પત્રકાર પરિષદ પૂરી થાય તેના થોડાક સમય પહેલા ઓખલામાંથી કોંગ્રેસના ધારાસભ્ય આસિફ મહોમ્મદે કેજરીવાલને ઝૂઠીસ્તાન કા રેડિયો કહીને ધાંધલ ધમાલ મચાવી હતી. આસિફ મહોમ્મદે કેજરીવાલ પર સત્તા પર આવ્યા બાદ બાટલા હાઉસ એન્કાઉન્ટરની એસઆઈટી તપાસના વચનથી પીછેહઠ કરવાનો આક્ષેપ કર્યો હતો. આસિફ મહોમ્મદે નારાજગી વ્યક્ત કરતા કહ્યુ હતુ કે તેઓ ગૃહમાં કેજરીવાલની વિરુદ્ધમાં મત આપશે.

પક્ષમાંથી હકાલપટ્ટી થશે તો પણ તેઓ તેમની વિરુદ્ધમાં મત આપશે. મહોમ્મદે કેજરીવાલ સરકારથી સમર્થન પરત લેવાની જોરદાર માંગણી કરી હતી. આ ધાંધલ ધમાલ બાદ પત્રકાર પરિષદને પૂર્ણ કરી લેવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છેકે કેજરીવાલે પોતાની પત્રકાર પરિષદમાં બાટલા હાઉસની તપાસને લઈને પૂછવામાં આવેલા પ્રશ્નો પર જણાવ્યુ હતુ કે આ મામલામાં કોર્ટનો ચુકાદો આવી ચુક્યો છે જેથી તેમની સરકાર આ મામલાને લઈને કોઈ પગલા લેશે નહીં. કેજરીવાલે એમ પણ કહ્યુ હતુ કે આ મામલો પક્ષના ઘોષણાપત્રમાં પણ ન હતો. કેજરીવાલે પોતાની સરકારના એક મહિનાના ગાળમાં મેળવવામાં આવલી સિદ્ધિઓની વાત કરી હતી જો કે પત્રકાર પરિષદમાં ભારે ધાંધલ ધમાલ મચી ગયો હતો. કેજરીવાલે કહ્યુ હતુ કે અમારી કામગીરીથી દિલ્હીના લોકો ખુશ દેખાઈ રહ્યા છે. કેજરીવાલે અનેક વિવાદાસ્પદ પ્રશ્નોના જવાબ સ્પષ્ટપણે ટાળી દીધા હતા. કેજરીવાલે દાવો કર્યો હતો કે તેમની સરકાર ખૂબ સારુ કામ કરી રહી છે. વિવાદો હોવા છતાં કામગીરી પર કોઈ અસર થઈ નથી. જુદા જુદા મુદાઓને હાથ ધરવામાં સફળતા મળી છે.

## ગાંધીજીની પૂણ્યતિથિએ દેશના લોકોની અંજલી

નવી દિલ્હી,તા. ૩૦

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૬૬મી પૂણ્યતિથિએ આજે દેશના લોકોએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી અને યાદ કર્યા હતા. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, વડાપ્રધાન મનમોહનસિંહ અને ઉપરાષ્ટ્રપતિ હમિદ અંસારીએ રાજઘાટ પર જઈને રાષ્ટ્રપિતાની સમાધિ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. યુપીએના અધ્યક્ષ



સોનિયા ગાંધી, સંરક્ષણ પ્રધાન એકે એન્ટોની, ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદે, ભાજપના વરિષ્ઠનેતા લાલકૃષ્ણ અડવાણી, ત્રણેય સેનાઓના વડાએ રાષ્ટ્રપિતા મહાત્માગાંધીના સ્મારક પર જઈને પુષ્પાંજલિ આપી હતી. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, તેમના પ્રધાન મંડળન સભ્યો પણ શ્રદ્ધાંજલિ આપવા માટે પહોંચ્યા હતા. જુદા જુદા રાજકીય પક્ષોના નેતાઓ પણ પહોંચ્યા હતા. સર્વધર્મ પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં હિન્દુ, મુસ્લિમ, બૌદ્ધ, શિખ, પારસી, ખ્રિસ્તી લોકો જોડાયા હતા. ભક્તિ સંગીતનું આયોજન કરવામાં આવ્યુ હતુ. એક કાર્યક્રમમાં જુદી જુદી સ્કૂલોમાંથી આવેલા વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. દિલ્હી ઉપરાંત દેશના અન્ય ભાગોમાં પણ રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. રાષ્ટ્રપિતાને નાથુરામ ગોડસે નામના શખ્સે ગોળી મારીને હત્યા કરી હતી. બિડલા હાઉસ ખાતે પ્રાર્થના સભા પહેલા તેમની હત્યા કરવામાં આવી હતી.

## શેરબજાર બે માસની નીચી સપાટી ઉપર : ચિંતાનું મોજુ

મુંબઈ,તા. ૩૦

શેરબજારમાં આજે પણ ભારે અફડાતફડી રહી હતી. બેંચમાર્ક શેરઈન્ડેક્સ બે મહિનાની નીચી સપાટીએ રહ્યા હતા. ઉભરતા બજારમાં વેચવાલીનું મોજુ ફરી વળ્યુ હતુ. વધુમાં જાન્યુઆરીના ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટની પૂર્ણાહૂતિની અસર પણ બજાર પર જોવા મળી હતી. સેન્સેક્સ ૧૪૯ પોઈન્ટ ઘટીને ૨૦૪૯૮ની નીચી સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૪૬ પોઈન્ટ ઘટીને ૬૦૭૪ની સપાટીએ રહ્યો હતો. સેન્સેક્સ ૨૮મી નવેમ્બર ૨૦૧૩ના દિવસે ૨૦૫૩૫ અને નિફ્ટી ૬૦૯૨ની સપાટીએ રહ્યો હતો. છેલ્લા બે મહિનામાં બેંચમાર્ક શેર ઈન્ડેક્સ સૌથી નીચી સપાટીએ પહોંચી જતા કારોબારીઓ ચિંતાતૂર બની ગયા હતા. દરમિયાનમાં નાણાંમંત્રાલયે એક નિવેદન જારી કરીને કહ્યુ છે કે અર્થતંત્રના મૂળભૂત પરિબળો ખૂબજ મજબૂત છે. વિદેશી પરિબળોની કોઈ દહેશત નથી. તમામ જરૂરી પગલા લેવામાં આવી રહ્યા છે. ફાઈનાન્સિયલ માર્કેટમાં સ્થિરતા લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. કન્ઝ્યુમર ડ્યુરેબલ સિવાય તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં મંદી રહી હતી. બેકેક્સમાં સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સના મોરચે બેકેક્સમાં કડાકો રહ્યો હતો. બીએસઈમાં ૨.૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. મેટલ અને રિયાલિટી ઈન્ડેક્સમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. નિફ્ટીમાં ભારે અફડાતફડીની સ્થિતિ રહી હતી. ગયા વર્ષે ઓક્ટોબર બાદથી સૌથી નીચી સપાટી તેમાં જોવા મળી હતી. આરબીઆઈ દ્વારા રેપોરેટમાં વધારો કરવામાં આવ્યા બાદ ક્રેડિટ ગ્રોથ પર અસર થશે તેવી ચિંતાના પરિણામ સ્વરૂપે બેકિંગ શેર હચમચી ઉઠ્યા હતા. એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી, એસબીઆઈ, એક્સિસ બેંકમાં ૨-૩.૬ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હોત. નફો લેવાલી પ્રવૃત્તિ બજારમાં જોવા મળી હતી. ખાસ કરીને હેવી વેટમાં અફડાતફડી જોવા મળી હતી. આઈટીસી, રિલાયન્સ, ઈન્ફોસિસમાં ૦.૧-૧.૩ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. છેલ્લા કેટલાક દિવસથી શેરબજારમાં ઉથલપાથલ જોવા મળી રહી છે.

## તૃણમૂલ એકલા હાથે ચૂંટણી લડશે : મમતા

કોલકાતા,તા. ૩૦

તૃણમૂલ કોંગ્રેસના વડા અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આજે લોકસભાની ચૂંટણી માટે તેમના પક્ષના પ્રચારનું રણશિંગુ ફુંકી દીધુ હતુ. મમતા બેનર્જીએ જાહેરાત કરી હતી કે લોકસભાની ચૂંટણીમાં તેમની પાર્ટી એકલા હાથે મેદાનમાં ઉતરશે. મમતા બેનર્જીએ ફેડરર મોરચા માટેની ફરી એકવાર હાંકલ કરી હતી. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ કહ્યુ હતુકે તૃણમૂલ કોંગ્રેસ દેશમાં એક મજબુત વિકલ્પ બની શકે છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે અમારી લડાઈ ભાજપ સામે છે, કોંગ્રેસ સામે અને સીપીએમ સામે છે. અમારી લડાઈ ભ્રષ્ટાચાર સામે પણ છે. બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે આયોજિત મહારેલીમાં લાખોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. મમતાએ કહ્યુ હતુ કે અમે એવી સરકાર ઈચ્છતા નથી જેમાં હિંસાને પ્રોત્સાહન મળી શકે. બંગાળ આવનાર દિવસોમાં ભારતને રસ્તો બતાવશે. નજીકના હરિફ સીપીએમને તથા કોંગ્રેસને હાર આપવા મમતાએ લોકોને અપીલ કરી હતી. ભાજપની તેઓએ ઝાટકણી કાઢી હતી અને કહ્યુ હતુ કે ભાજપ કોંગ્રેસના વિકલ્પ તરીકે નથી. તૃણમૂલ કોંગ્રેસના નેતા બેનર્જીએ નેતાજી સુભાષચંદ્ર બોઝના નારાને યાદ કરીને કહ્યુ હતુ કે તેમના દિલ્હી ચલોની વાત પણ આજે ખૂબ મહત્વપૂર્ણ છે. પશ્ચિમ બંગાળમાં લોકસભાની ૪૨ બેઠકો છે.

## તેગંલાણા બિલને ફગાવી દેવાતા નવી મડાગાંઠ : સસ્પેન્સ અકબંધ

હૈદરાબાદ,તા. ૩૦

આંધ્રપ્રદેશ વિધાનસભાએ એપી રિઓર્ગેનાઈઝેશન બિલ ૨૦૧૩ને ફગાવી દેતા યુપીએ સરકારને મોટો ફટકો પડ્યો છે. સિમાન્ધ્રના વર્ચસ્વવાળી આંધ્ર વિધાનસભામાં ભારે હોબાળો મચી ગયો હતો. ભારે ધાંધલ ધમાલ વચ્ચે આંધ્રપ્રદેશ વિધાનસભાએ તેલંગાણા બિલને અસ્વીકાર કરી દેતા જટિલ સ્થિતિ ઉભી થઈ ગઈ છે. તેલંગાણા ક્ષેત્રના ધારાસભ્યના વિરોધ વચ્ચે અધ્યક્ષ એન મનોહરે મુખ્યમંત્રી કિરણકુમાર રેડ્ડી દ્વારા બિલને ફગાવી દેવા રજુ કરવામાં આવેલા પ્રસ્તાવને સ્વીકારી લીધો હતો અને ગૃહની કામગીરી અચોક્કસ મુદત માટે મોકુફ કરી દીધી હતી. મુખ્યમંત્રીએ પોતાના પ્રસ્તાવમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને આ બિલને સંસદમાં ન મોકલવાની વિનંતી કરીને પત્ર લખ્યો હતો. આમા જણાવવામાં આવ્યુ છે કે રાજ્યના વિભાજનની સ્થિતિ કોઈ પણ સહમતિ અને કારણો વગર ઉભી કરવામાં આવી છે. રાજ્યના વિભાજનથી નુકસાન થશે. આમાં ભાષાકિય તથા સાંસ્કૃતિક સમાનતા, આર્થિક બાબતો અને વહિવટી કારોબારની અવગણના કરવામાં આવી છે. અધ્યક્ષો કહ્યુ હતુ કે ૮૬ ધારાસભ્યોની મંજુરીની સાથે રાષ્ટ્રપતિનો આ બિલ પરત મોકલવામાં આવશે. ચર્ચામાં ધારાસભ્યોએ ભાગ લીધો હતો. મનોહરે કહ્યુ હતુકે આમાં ૯૭૦૨ સુધારા સૂચવવામાં આવ્યા છે. અગાઉ આંધ્રવિધાનસભાની કામગીરી શરૂ થવાની સાથે જ ભારે ધાંધલ ધમાલ વચ્ચે કામગીરીને બે વખત મોકુફ કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિએ ૧૨મી ડિસેમ્બરના દિવસે આ બિલ વિધાનસભામાં મોકલીને બંધારણની કલમ ત્રણ હેઠળ તેન પર અભિપ્રાય મેળવવાની સૂચના આપી હતી અને ૧૬મી ડિસેમ્બરે રજુ કરવામાં આવેલા બિલ પર તેમના અભિપ્રાય આપવા કહેવામાં આવ્યુ હતુ. ૨૯૪ સભ્યોની વિધાનસભામાં ૨૭૯ સભ્યોનું સંખ્યબળ રહેલું છે જે પૈકી ૧૬૦ સભ્યો સિમાન્ધ્ર પ્રદેશના છે જેમાં અધ્યક્ષ અને મુખ્યમંત્રીનો સમાવેશ થાય છે. આ બિલ હવે ફરી રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી પાસે મોકલવામાં આવશે. ફેબ્રુઆરીના પ્રથમ પખવાડિયામાં સંસદમાં આને રજુ કરવામાં આવશે. જો કે હજુ કેટલીક ગુંચવણ રહી હોવાની સ્થિતિ સર્જાયેલી છે. સવારે નવ વાગ્યે ગૃહ મળ્યા બાદ ભારે ધાંધલ ધમાલ શરૂ થઈ હતી. ભારે ડ્રામા વચ્ચે અધ્યક્ષ મનોહરે મુખ્યમંત્રી દ્વારા રજુ કરવામાં આવેલો ઠરાવ સ્વીકારી લીધો હતો. ઠરાવમાં શ્રેણીબદ્ધ નવી બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

## હવે બેંગ્લોર-મેટ્રો રેલ પ્રોજેક્ટ-બેને બહાલી

બેંગ્લોર મેટ્રો રેલ પ્રોજેક્ટ-૨ને કેન્દ્રિય કેબિનેટે આજે લીલીઝંડી આપી હતી. આ પ્રોજેક્ટથી બેંગ્લોર શહેરમાં જાહેર પરિવહનની વ્યવસ્થામાં સુધારો થશે અને શહેરને ખૂબજ જરૂરી વધારાની જાહેર પરિવહનની સુવિધા મળી શકશે. પ્રોજેક્ટ પર કુલ ખર્ચ ૨૬૪૦૫.૧૪ કરોડનો રહેશે. ૨૦૧૧-૧૨ની કિંમત સપાટીના આધાર પર આ ખર્ચની રકમ નક્કી કરવામાં આવી છે. કુલ પ્રોજેક્ટ ખર્ચમાં ભારત સરકારની હિસ્સેદારી ૫૨૮૧ કરોડ અને કર્ણાટક સરકારની હિસ્સેદારી ૮૯૮૩ કરોડ રહેશે. કર્ણાટક સરકારની હિસ્સેદારીમાં ૧૬૮૯.૯૦ કરોડ ગ્રાન્ટનો પણ સમાવેશ થાય છે. બેલેન્સ એમાઉન્ટની રકમ ૧૨૧૪૧.૧૪ કરોડની છે.

## સમાચાર ઝલક

- મહાત્મા ગાંધીની ૬૬મી પુણ્યતિથીએ રાષ્ટ્રએ શહિદદિન મનાવી શ્રદ્ધાંજલિ અર્પી.
- સાબરમતી રિવરફ્રન્ટમાં માર્કેટ બનાવાશે.
- તાતા ટેલિકોમ ક્ષેત્રમાં સંન્યાસ લેશે.
- અમેરિકાના પાંચ રાજયમાં સતત બરફવર્ષાથી કટોકટી જાહેર કરાઇ.
- વ્યારામાં લાઠીચાર્જ થતાં કેન્દ્રિયમંત્રી તુષાર અમરસિંહ ચૌધરી બીજા દિવસે ઉપવાસ પર.
- કેજરીવાલની પત્રકાર પરિષદમાં હંગામો થયો.
- મદયપ્રદેશમાં મહેસૂલ ખાતાનાં સનદી અધિકારી પાસેથી ૫૦ કરોડની સંપત્તિ લોકાયુક્તે ઝડપી.
- નરોડામાં પ્રાંતિય ૧૨ મહિલાઓ સેક્સકાંડમાં પકડાઇ.
- ૩૦ વર્ષે પણ દિલ્હીમાં શીખ હત્યાના રમખાણો ઉકળતા રહ્યા છે, રાહુલ ગાંધીના નિવાસે શીખોનાં દેખાવો.
- આશારામ બાપુની ૧૦ હજાર કરોડની સંપત્તિ હોવાના અહેવાલો.
- આસામમાં અરૂણાચલની સરહદે ૧૦ આસામીઓનાં મોત નીપજ્યા, આસામમાં તંગદિલી.
- અમેરિકાની ફેડરલ બેંકની કટોકટીથી ભારતીય નાણાં વિભાગ સચેત બન્યું.
- મુંબઇ મહાનગરપાલિકાના ટેક્સ બાકીની યાદીમાં સચિન તેંડુલકર સહિતના મહાનુભાવો.
- અલગ તેલંગણાની દરખાસ્ત આંધ્ર વિધાનસભામાં નામંજૂર કરવામાં આવી.
- હસ્તાક્ષરવાળા પાસપોર્ટ આગામી વર્ષેથી રદ્દ થશે, નવા પાસપોર્ટ બનશે.
- કચ્છ-માંડવીમાં ગૌહત્યા મુદ્દે બંધનું એલાન, પરિસ્થિતિને કાબુમાં રાખવા પોલીસ બંદોબસ્ત ગોઠવાયો.

## આમ આદમી પાર્ટીના સભ્યોની બેઠક યોજાઈ

નવી દિલ્હી,તા. ૩૦

આમઆદમી પાર્ટીની આજે મહત્વપૂર્ણ બેઠક એપ્રિલ-મે મહિનામાં યોજાનારી લોકસભાની ચૂંટણી માટેની તૈયારીની સમીક્ષા કરવા માટે મળી હતી જેમાં જુદા જુદા પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં તેના સભ્યોને આવરી લેતા વિવાદના પ્રશ્ને પણ ચર્ચા થઈ હતી. પક્ષ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યુ છે કે કાયદા પ્રધાન સોમનાથ ભારતી અને હકાલપટ્ટી કરવામાં આવેલા ધારાસભ્ય વિનોદકુમાર બિન્ની સહિત છેલ્લા એક મહિનામાં જુદા જુદા વિવાદોના પ્રશ્ને ચર્ચા થઈ હતી. દક્ષિણ દિલ્હીમાં સેક્સ અને ડ્રગ કૌભાંડના સંબંધમાં પગલાને લઈને સોમનાથ ભારતી વિવાદમાં આવ્યા હતા. લક્ષ્મીનગરમાંથી એએપીના ધારાસભ્ય બિન્નીની ૨૬મી જાન્યુઆરીના દિવસે પક્ષમાંથી હકાલપટ્ટી કરવામાં આવી હતી. પક્ષ વિરોધી પ્રવૃત્તિ ચલાવવા બદલ તેમની હકાલપટ્ટી કરાઈ હતી. આમ આદમી પાર્ટીની બેઠકમાં લોકસભાની ચૂંટણીને લઈને પક્ષની તૈયારીની સમીક્ષા કરવામાં આવી હતી. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર દેખાવ બાદ આમ આદમી પાર્ટી દેશમાં એન્ટ્રી કરવાની તૈયારીમાં છે.

### સંસ્કાર ચિંતન (પાના નં. ૪ નું ચાલુ)

આ જ્ઞાન એટલે સ્વ સ્વરૂપનું ભાન. હું બ્રહ્મ છું તેની સચોટ ખાત્રી. આવો જ્ઞાની કઇ રીતે વર્તે. જીવે તે તો સ્થિતપ્રજ્ઞના લક્ષણોમાં દર્શાવાયું છે. અષ્ટાવક્ર ગીતામાં પણ રાજા જનક જ્ઞાનીના લક્ષમો સ્પષ્ટ કરતાં કહે છે કે જ્ઞાનીના મનમાં લય થઇ ગયો હોય છે. તેઓ દેહાતીત હોય છે. સદા આત્મા સ્વરૂપમાં મગ્ન રહે છે. આ સંસારમાં કોઇ પણ ભાવ કે અભાવ તેને સ્પર્શતા નથી. જયાં મન જ નથી ત્યાં લાગણી વિચાર કે તર્ક હોવાને કોઇ સ્થાન નથી. જ્ઞાની પોતાની સ્થિતિમાં અચળ હોય છે કદિ વિચલિત થાતો નથી. તેમનાં મનમાં ક્યારેક વિચારોના વંટોળો ઉઠતા નથી. સુખદુઃખ તેને માટે સમાન છે. એ તો પરમ તત્ત્વ સામે ઐક્ય અનુભવે છે ને તમામ વાસ્તવિકતાથી પર છે.

ભગવાને સ્વમુખે ભક્તોના પ્રકારો અને તેની લાક્ષમિકતા જણાવી. આ આપણા માટેની કસોટીઓ છે. આપણી વૃત્તિ કયા પ્રકારની છે તે વિચારી તેમાં કંઇ રીતે સુધારો થાય તેનું ધ્યાન રાખવું યાદ રાખવા જેવું છે કે આ ભક્તો સૌ સુકૃતિજનો છે. દુષ્ટ બુદ્ધિના દુર્જનો માટે તો પ્રથમથી જ ભગવાને સ્પષ્ટતા કરી છે. દુર્જનો માટે તો આવાગમન અને નીચી યોનિની પ્રાપ્તિ કહી છે જ.

## ઈન્કમટેક્સ કેસમાં ટ્રાયલનો સામનો કરવા જયાને આદેશ

નવી દિલ્હી,તા. ૩૦

તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતાને આજે મોટો ફટકો પડ્યો હતો કારણ કે સુપ્રીમ કોર્ટે આજે કહ્યુ હતુ કે જયલલિતા ત્રણ વર્ષ સુધી આવકવેરા રિટર્ન નહીં ભરવા બદલ ટ્રાયલનો સામનો કરશે. શશી એન્ટરપ્રાઈઝના પાર્ટનર તરીકે તેમની કેપેસિટીમાં આવકવેરા રિટર્ન નહીં ભરવા બદલ જયલલિતાની ઝાટકણી કાઢવામાં આવી છે. શશી એન્ટરપ્રાઈઝની માલિકી જયલલિતાના નજીકના સાથી શશીકલા સાથે હતી. જસ્ટિસ કેએસ રાધાકૃષ્ણનના નેતૃત્વમાં બેંચે આ મુજબનો આદેશ આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટે આઈટી રિટર્ન નહી ભરવા બદલ જયલલિતા સામે ખટલો ચલાવવાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો હતો કે ચાર મહિનાની અંદર ટ્રાયલ પૂર્ણ થવી જોઈએ. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સુપ્રીમ કોર્ટના કઠોર આદેશ બાદ જયલલિતાના સમર્થકોની ચિંતા વધી ગઈ છે. આવકવેરા વિભાગે નાણાંકીય વર્ષ ૧૯૯૩-૯૪ માટે રિટર્ન નભી ભરવા બદલ જયલતિતા અને તેમના નજીકના સાથી એન. શશીકલા સામે વર્ષ ૧૯૯૬ અને ૧૯૯૭માં ફોજદારી કેસો દાખલ કર્યા હતા. જયલતિતાએ દાવો કર્યો હતો કે તેમની પાસે કરપાત્ર કોઈ પણ આવક નથી. જેથી ટેકસની ચોરીનોકોઈ પ્રશ્ન જ થતો નથી. જયલતિતા સામે સુપ્રીમ કોર્ટના આદેશના કારણે લોકસભાની ચૂંટણી પહેલા તેમના પક્ષ અન્નાદ્રમુકની ચિંતા વધી ગઈ છે.જયાએ ટેક્સની ચોરીના આક્ષેપોને પહેલા પણ રદિયો આપ્યો બતો. હવે ફરીએકવાર આક્ષેપોને રદિયો આપ્યો છે. જો કે અન્ય પક્ષોને તેમની સામ નવા મોરચા ખોલવાની હવે તક મળી ગઈ છે. લોકસભાની ચૂંટણી પહેલા તમિળનાડુમાં ટેક્સ ચોરીનો મામલો પણ મોટો મુદ્દો બની શકે છે. સુપ્રીમ કોર્ટે જયા સામેના કેસની ગંભીર નોંધ લીધી છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાના સંબંધમાં પક્ષના કોઈ નેતાએ પ્રાથમિક પ્રતિક્રિયા આપી નથી. સર્વેમાં હજુ સુધી જયાની સ્થિતી આ વખતે મજબુત દેખાઈ રહી છે. શશીકલાની સાથે જયલલિતાએ શશી એન્ટરપ્રાઈઝની રચના કરી હતી. ત્યારબાદ એન્ટરપ્રાઈઝ અથવા તો બંને પાર્ટનરોએ ૧૯૯૧-૯૨, ૧૯૯૨-૯૩, ૧૯૯૩-૯૪માં ઈન્કમટેક્સ રિટર્ન ભર્યા ન હતા. જયલલિતાની દલીલ છતાં ચેન્નઈમાં આર્થિક ગુનાઓની કોર્ટે જયલલિતાની દલીલ ફગાવી દીધી હતી અને કહ્યુ હતુ કે આઈટીઆર દાખલ નહીં કરવાની બાબત ગુના સમાન છે. તેમને ટ્રાયલનો સામનો કરવો પડશે. અપીલ પર હાઈકોર્ટે આર્થિક ગુના સાથે સંબંધિત કોર્ટના તારણોને સ્વીકારી લીધા હતા. જયલલિતા અને શશીકલા બંને ટ્રાયલનો સામનો કરશે.હાઈકોર્ટના આદેશમાં દરમિયાનગીરી કરવા સુપ્રીમ કોર્ટે ઈન્કાર કર્યો છે.

## રીઝર્વ બેંક હજુ એક વખત વ્યાજ દર વધારે તેવી વકી

નવી દિલ્હી,તા. ૩૦

તાજેતરમાં તેની નાણાંકીય નિતીની સમીક્ષામાં રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યા બાદ હવે કેટલાક આર્થિક નિષ્ણાંતો માની રહ્યા છે કે રીઝર્વ બેંક હજુ એક વખત વ્યાજ દરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરશે. સિટીગ્રુપના અર્થશાસ્ત્રી રોહિણી મલકાણી અને એચએસબીસીના લીફ એસ્કેસેને કહ્યું છે કે આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન ફરી એકવાર વ્યાજદરમાં વધારો કરી શકે છે. આ અર્થશાસ્ત્રીઓનો અભિપ્રાય હવે બદલાઈ ગયો છે. આ નિષ્ણાંત લોકોનુ કહેવુ છે કે રીઝર્વ બેંક રિયલ રિટર્નને પોઝિટીવ બનાવવા માંગે છે. જેથી તેની પાસે વ્યાજદરમાં વધારો કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. કારણ કે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ અથછવા તો સીપીઆઈ બેસ્ટ ઈન્ફલેશનની સ્થિતીમાં નથી.

આરબીઆઈએ રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો હાલમાં કર્યો છે. જેથી રેપો રેટ વધીને આઠ ટકા થયો છે. રિટેલ ઈન્ફલેશનને અંકુશમાં મુકવા માટે રાજને રેપો રેટમાં વધારો કર્યો છે. આ વધારો કર્યા બાદ રાજને કહ્યું હતું કે તે તે મોનેટરી પોલિસી મારફતે વપરાશ, મુડીરોકાણ ગ્રોથને પ્રોત્સાહન આપતા પહેલા મોંઘવારીને કાબુમાં લેવાની યોજના ધરાવે છે. એચએસબીસીના મુખ્ય અર્થશાસ્ત્રી લીફ એસ્કેસેને કહ્યું છે કે આરબીઆઈ વધારે ફુગાવાના કારણે પરેશાન છે અને આને લઈને કોઈ ખોટી વાત નથી.